# પ્રસાર ભારતી
## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 26-05-2024 Morning : 7.10 to 7.20

Day: SUNDAY Regional News

**આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર જયેશ વેગડા વાંચે છે.**

---

- **રાજકોટના ગેમ ઝોનમાં ભીષણ આગ ફાટી નીકળતાં 9 બાળકો સહિત 27ના મૃત્યુ – ઘટનાની તપાસ માટે SITની રચના**
- **રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, રાજ્યપાલ, મુખ્યમંત્રી સહિતના અગ્રણીઓએ ઘટના પ્રત્યે દુઃખની લાગણી વ્યક્ત કરી.**
- **રાજ્યમાં ગરમીથી આંશિક રાહત – તાપમાનમાં સરેરાશ બે ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો**
- લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે ગઇકાલે શાંતિપૂર્ણ માહોલમાં 61.76 ટકા જેટલું મતદાન નોંધાયું.
- **આજે IPLની ફાઇનલમાં કોલકતા નાઇટ રાઇડર્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ ટકરાશે**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Rajkot Fire-1

રાજકોટ શહેરમાં નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં ગઇ કાલે મોડી સાંજે ભીષણ આગ ફાટી નીકળતા 9 જેટલાં બાળકો, 15 થી 22 વર્ષના કિશોરો અને યુવાનો સહિત કુલ 27નાં મૃત્યુ થયા છે.

અમારા રાજકોટના પ્રતિનિધિ જણાવે છે કે, રાજકોટ શહેરમાં નાનામવા રોડ પર ટીઆરપી ગેમ ઝોન નામે ખાનગી માલિકી સંચાલિત અત્યાધુનિક ગેમ ઝોનમાં ગઇકાલે સાંજે લોખંડનું માળખું ઉભું કરવા માટે વેલ્ડીંગની કામગીરી ચાલી રહી હતી, ત્યારે અચાનક આગ ફાટી નીકળી હતી. પ્રાથમિક અહેવાલો મુજબ આગ વેલ્ડીંગને કારણે લાગી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. જો કે હાલમાં તપાસ ચાલી રહી હોવાથી સત્તાવાર કારણ જણાવવામાં આવ્યું નથી.

આગ લાગી ત્યારે 70 જેટલા યુવાનો ગેમ ઝોનમાં જુદી જુદી રમતોનો આનંદ માણી રહ્યા હતા. આ ઉપરાંત અહીં 45 જેટલા લોકોનો સ્ટાફ પણ કાર્યરત હતો.

આ અંગે રાજકોટ શહેરના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે વધુમાં જણાવ્યું હતું કે,

(બાઇટ રાજુ ભાર્ગવ)

આગ લાગવાના અહેવાલ મળતા જ રાજકોટ ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને આગ પર કાબુ લેવાનો પ્રયત્ન શરૂ કર્યો હતો. રાત્રે 11:30 વાગે મળેલા છેલ્લાં અહેવાલ પ્રમાણે આગમાં 27 લોકોએ પોતાનાં જીવ ગુમાવ્યા છે. ભીષણ આગને કારણે મૃતદેહોની ઓળખ કરવી શક્ય ન હોવાથી મૃતદેહના ડીએનએ ટેસ્ટ કરીને તેમની ઓળખ મેળવવાના પ્રયાસ કરવામાં આવશે.

## Rajkot Fire-2

રાજ્ય સરકાર દ્વારા મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાની સહાય તેમજ ઈજાગ્રસ્તોને પચાસ હજારની સહાયની જાહેરાત કરવામાં આવી છે.

ઘટનાની તપાસ માટે વિશેષ તપાસ દળની રચના કરવામાં આવી છે.

પોલીસ દ્વારા મોડી સાંજે ટીઆરપી ગેમ ઝોનના સંચાલક યુવરાજસિંહ સોલંકી અને મેનેજર નીતિન જૈનની અટકાયત કરવામાં આવી હતી.

દુર્ઘટનાની જાણ થતા જ રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી મોડી રાત્રે રાજકોટ પહોંચ્યા હતા અને દુર્ઘટના સ્થળની મુલાકાત લઇને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે આ દુર્ઘટના પ્રત્યે ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી.

અમારા ગાંધીનગરના પ્રતિનિધી દુર્ગેશ મહેતા જણાવે છે કે, રાજ્યમાં  તમામ ગેમ ઝોન ની તપાસ કરવા તેમજ ફાયર સેફ્ટી મંજૂરી વિના ચાલતા ગેમ ઝોન બંધ કરાવવા રાજ્યના પોલીસ મહાનિદેશકે તમામ પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધિક્ષકોને નિર્દેશ આપ્યો છે.

આ કાર્યવાહી  મહાનગરપાલિકાઓ તથા નગરપાલિકાઓના ફાયર ઓફિસર અને સ્થાનિક તંત્રના સંકલનમાં રહીને કરવા જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------

Heat wave..

રાજ્યમાં ગઇકાલે ગરમીમાંથી આંશિક રાહત મળી હતી અને તાપમાનમાં સરેરાશ બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો.પવનની દિશા બદલાઇને પશ્ચિમથી ઉત્તર પશ્ચિમ થતાં તાપમાનમાં 2.2 ડિગ્રીનો ઘટાડો નોંધાયો હતો.

શનિવારે અમદાવાદનું મહત્તમ તાપમાન 44.4 ડિગ્રી અને લઘુતમ તાપમાન 30.1 ડિગ્રી નોંધાયું હતું. શનિવારે રાજ્યનાં મોટા ભાગનાં શહેરોમાં ગરમીનો પારો 41 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયો હતો.

રાજ્યમાં સૌથી વધુ ગરમી અમદાવાદમાં નોંધાઈ હતી. ડિસામાં 43, ગાંધીનગરમાં 44.2, વલ્લભવિદ્યાનગરમાં 44.1 વડોદરામાં 43. ભુજમાં 41.6 અને કંડલામાં 43.7 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

આગામી 48 કલાક કેટલાંક શહેરોમાં હીટ વેવ સાથે ઓરેન્જ એલર્ટ હોવાથી, શહેરનું તાપમાન 44થી 45 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહ્યા બાદ 26મેથી તાપમાનમાં ક્રમશ ઘટાડો થશે એમ હવામાન વિભાગે જણાવ્યું છે.

---

IIT JEE

આઇઆઇટીમાં પ્રવેશ મેળવવા માટેની જેઇઇ એડવાન્સ પરીક્ષા આજે અમદાવાદ સહિત સમગ્ર દેશમાં લેવાશે. અમદાવાદનાં સાત કેન્દ્રો પર બે સત્રમાં પરીક્ષા યોજાશે. પ્રથમ સત્ર 9-30થી 12-30 સુધી અને બપોરનું સત્ર 2-30થી 5-30 સુધીનું રહેશે.

ગરમીને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને પાણીની પારદર્શક બોટલ સાથે રાખવાની મંજૂરી આપવામાં આવી છે. પરીક્ષા શરૂ થવાનાં 30 મિનિટ પહેલાં વિદ્યાર્થીને કમ્પ્યુટરની ફાળવણી કરવામાં આવશે. વિદ્યાર્થીએ પોતાની સાથે આધાર કાર્ડ કે સરકાર માન્ય ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે.

---

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

## 6TH PHASE ELECTION

લોકસભા ચૂંટણીના છઠ્ઠા તબક્કા માટે ગઇકાલે શાંતિપૂર્ણ માહોલમાં 61.76 ટકા જેટલું મતદાન નોંધાયું. ઉત્તરપ્રદેશની 14, હરિયાણાની તમામ 10, બિહાર અને પશ્ચિમ બંગાળની 8-8, દિલ્હીની તમામ 7, ઓડિશાની છ, ઝારખંડની ચાર અને જમ્મુ અને કાશ્મીરની એક બેઠક માટે મતદાન થયું હતું.

આ સાથે જ ઓડિશા વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં 42 બેઠકો માટે સરેરાશ 60.07 ટકા મતદાન થયું. આ ઉપરાંત, હરિયાણાની કરનાલ બેઠક અને ઉત્તરપ્રદેશમાં ગેન્સરી બેઠક માટે વિધાનસભાની પેટાચૂંટણી યોજાઇ...

અત્રે ઉલ્લેખનીય છે કે, આ તબક્કામાં કુલ 889 ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં કેદ થયું. જેમાં ભાજપના નેતા ધર્મેન્દ્ર પ્રધાન, મેનકા ગાંધી, નવીન જિંદાલ, મનોજ તિવારી જ્યારે કોંગ્રેસના નેતાઓમાં દીપેન્દ્રસિંહ હુડ્ડા, કુમારી સેલજા અને રાજ બબ્બર, આ ઉપરાંત સમાજવાદી પાર્ટીના નેતા ધર્મેન્દ્ર યાદવ અને પીડીપીનાં વડા મહેબૂબા મુફ્તીનો સમાવેશ થાય છે.

---

## Passport Seva Van

રાજ્યમાં પ્રથમવાર પાસપોર્ટ સેવા વાન દ્વારા પાસપોર્ટની કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલ આ વાન અમદાવાદના ગુલબાઇ ટેકરા ખાતેની પ્રાદેશિક પાસપોર્ટ કચેરી ખાતે રાખવામાં આવી છે.

આ માટે ઓનલાઇન એપોઇન્ટમેન્ટ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. અહીં શહેરનાં અન્ય પાસપોર્ટ સેવા કેન્દ્ર કરતાં વહેલી એપોઇન્ટમેન્ટ મળી રહી છે. આગામી દિવસોમાં પાસપોર્ટ સેવા વાનની સંખ્યામાં વધારો થાય તેવી શક્યતા છે. પાસપોર્ટ સેવા વેબસાઇટ પરથી એપોઇન્ટમેન્ટ મળી શકે છે.

---

Gandhinagar Narmada Canal dead bodies

ગાંધીનગર જીલ્લામાં પસાર થતી નર્મદા કેનાલની વિવિધ જગ્યાએ થી ગઇકાલે પાંચ બિનવારસી મૃતદેહો મળી આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે ડભોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે જ્યારે અડાલજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રણ જેમાં બે મહિલા અને ત્રણ પુરુષોના મૃતદેહો મળી આવતા તેની ઓળખ કરવા પોલીસે તપાસ હાથ ધરી છે.

ગઇકાલે મેદરા પાસે એક યુગલના મૃતદેહો મળ્યા હતા અને બંને એક બીજાને છુટા ન પડે એટલા માટે બાંધી રાખયા હતા, જ્યારે લિંબુડિયા ગણેશપૂરા કેનાલમાંથી એક પુરુષ, અડાલજ કેનાલમાંથી એક મહિલા અને અંબાપુર પાસેથી અજાણ્યા પુરુષના મૃતદેહો મળી આવ્યા હતા.

---

*T20 WORLD CUP INDIAN TEAM and IPL Final*

**ઈન્ડિયન પ્રીમિયર લીગ IPLની અંતિમ મેચ આજે કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝ્સ હૈદરાબાદ વચ્ચે ચેન્નઈના એમ.એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. આ મેચ સાંજે સાડા 7 વાગ્યે શરૂ થશે.**

**દરમિયાન આગામી બીજી જૂનથી શરૂ થનારા ટી-ટ્વેન્ટી વિશ્વકપ માટે કેપ્ટન રોહિત શર્મા સહિતના ભારતીય ક્રિકેટરોનો પહેલો સમૂહ અમેરિકા જવા રવાના થયો છે.**

**આ ટી-ટ્વેન્ટી વિશ્વકપ સંયુક્તપણે અમેરિકા અને વેસ્ટ ઈન્ડીઝ દ્વારા બીજી જૂનથી 29મી જૂન દરમિયાન યોજવામાં આવશે. ભારતીય ક્રિકેટ ટીમ આગામી પાંચમી જૂને ન્યૂયોર્કમાં નવા બનેલા નાસાઉ કાઉન્ટી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમમાં આયર્લેન્ડ સામે શુભારંભ કરશે. જ્યારે નવમી જૂને ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાશે.**

------------------------------------------------------------------

## Dang Natural Farming

સંપૂર્ણ રસાયણ મુક્ત ડાંગ જિલ્લા યોજના અંતર્ગત ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના અમલીકરણ હેઠળ રજીસ્ટર્ડ ICS પ્રાકૃતિક ધવલીદોડ ખેડૂત ઉત્પાદક સંઘના ધૂડા ગામમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે કે તાલીમમાં પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને NPOP ના ધારાધોરણ, ઓન ફાર્મ નિદર્શન તેમજ પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના માર્કેટિંગ માટે FPO બાબતે આહવા ખાતે ખેડૂતોને તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમમાં ઘણા ખેડુતો અને ICS સાથે જોડાવા ઇચ્છતા ખેડૂતો તાલીમ મેળવી તેમજ ICSનાં સ્ટાફે તાલીમમાં હાજરી આપી હતી.

------------------------------------------------------------------

## Football Game

ગુજરાત સ્ટેટ ફુટબોલ એસોસિએશન દ્વારા સતત ચોથા વર્ષે ગુજરાત સ્ટેટ ફુટસાલ ક્લબ ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, વાપી અને રાજકોટમાંથી પુરુષોનાં વિભાગમાં 15 ક્લબ અને મહિલાઓનાં વિભાગમાં ચાર ક્લબ ભાગ લઈ રહી છે.

વડોદરામાં રમાઇ રહેલી આ ટુર્નામેન્ટ લીગ કમ નોકઆઉટ ફોર્મેટમાં રમાશે. ફુટસાલ ક્લબ ચેમ્પિયનશીપ શરૂ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. ફિફા દ્વારા પણ તેને માન્યતા આપવામાં આવી છે.

------------------------------------------------------------------